# ગાંધીનગરના જંગમાં ગુજરાત મોડેલ અને દિલ્હી મોડેલ ભારે ચર્ચામાં

## ગુજરાતના મુખ્યમંત્રી સહિતના મંત્રીઓ અને દિલ્હીના નાયબ મુખ્યમંત્રી સહિત મંત્રીઓ ગાંધીનગરના માર્ગો પર પ્રચાર કરશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીના પ્રચારમાં હવે રંગ જામી રહ્યો છે. આમ આદમી પાર્ટીના આક્રમક પ્રચારના પગલે કોંગ્રેસ અને ભાજપ પણ સફાળા જાગી ગયા છે અને તમામ કાર્યકરોને જુસ્સો ઉતરી પડશે તો બીજી તરફ 'આપ' દ્વારા દિલ્હીના મંત્રીઓ અને ધારાસભ્યોને પણ દરેક વોર્ડની જવાબદારી અપાઈ છે. મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને મનોજ સિસોદીયાના રોડ શૉ ને આખરી ઓપ અપાઈ રહ્યો છે. તો કોંગ્રેસ પણ હરકતમાં આવતા દરેક ડોર ટુ ડોર સંપર્કમાં મતદારો સીધા સવાલો પુછીને સત્તાધારી પક્ષના ઉમેદવારોને મુંઝવી રહ્યા છે. તો બીજી તરફ દિલ્હી મોડેલ રજુ કરીને 'આપ' મતદારોને આકર્ષી રહ્યુ છે. આજકાલ ગાંધીનગરમાં દિલ્હી મોડેલ અને ગુજરાત મોડેલ વચ્ચે રસપ્રદ ચર્ચાઓ જામી છે. નાના કાર્યાલયો શરૂ કરી રહ્યા છે. હવે રોજ જામશે ભજીયા ગોટાની મહેફીલ... ચા-નાસ્તાની જયાફત... અને શહેરનું જનજીવન ધમધમતુ થશે.

ગાંધીનગર શહેર અને આસપાસના સમાવિષ્ટ ૧૧ ગામોમાં પણ મોડી રાત સુધી ગામોમાંથી ભાજપ સરભર કરી લેશે... પરંતુ 'આપ'ની એન્ટ્રીથી બધાજ સમીકરણો ખોરવાઈ ગયા છે. ભાજપ-કોંગ્રેસના નેતાઓ મુંઝવણમાં છે કે આમ આદમી પાર્ટી કોના કેટલા મત કાપી શકે છે તેનો અંદાજ હજુ આવતો નથી. જેના કારણે કોઈ છાતી ઠોકીને કહી

### કોંગ્રેસના ધારાસભ્યોને પણ વોર્ડ વાઈઝ જવાબદારી સોંપી

**મહાનગરનો મહાજંગ**

### નવું સીમાંકન ભાજપને ફળશે કે નડશે એની વ્યાપક ચર્ચા

આપી પ્રચાર અભિયાન ઘનિષ્ઠ બનાવ્યું છે. ભાજપ મુખ્યમંત્રી સહિત તમામ મંત્રીઓને વોર્ડવાઈઝ જવાબદારી આપી બજારમાં ઉતારવાની સુચના અપાઈ છે. એકાદ દિવસમાં તો સેક્ટરમાં ગુજરાતનું મંત્રીમંડળ વોર્ડમાં બબ્બે ત્રણ-ત્રણ ધારાસભ્યોને જવાબદારી આપી છે. આમ ગાંધીનગર એક અઠવાડીયા માટે રાજકીય રણ સંગ્રામમાં ફેરવાશે..!!

આજકાલ શહેરના ખાડા-ખાબોચિયાઓ ખૂબ ચર્ચામાં છે. કોંગ્રેસ જ્ઞાતિના સમીકરણોને આધારે પરંપરાગત વોટ બેંકને ગૃપ બેઠકો દ્વારા અંકે કરવા મથી રહી છે. ભાજપના કાર્યાલયો દરેક વોર્ડ અને સેક્ટરોમાં લગભગ ખુલી ગયા છે. બીજી તરફ 'આપ' અને કોંગ્રેસ પણ સેક્ટરવાઈઝ નાના સભાઓ અને રેલીઓ ચાલે છે. આ નવુ સીમાંકન ભાજપને ફળશે કે નડશે..?! એ સવાલે ભારે ચર્ચા જગાવી છે. શરૂઆતના તબક્કામાં એમ લાગતુ હતુ કે શહેરના સેક્ટરોમાં કોંગ્રેસનું પલ્લુ ભારે રહેતુ હોવાથી આસપાસના શકતુ નથી કે અમારી કેટલી બેઠકો આવશે..! અને કઈ કઈ બેઠકો આવશે. મતદારોના મોં એ એક જ વાત છે કે 'આપ'ના આગમથી ચૂંટણીનો જંગ રોમાચંક બન્યો છે. અને હજુ તો આવનારા દિવસોમાં ઘણા ચડાવ-ઉતાર જોવા મળશે..!!

# શહેરમાંથી ગુરૂવારે ૩૩૭ તાવના દર્દી મળ્યા

## શહેરમાં ૮૪૩૬ ખાડા-ખાબોચિયામાં વરસાદી પાણી ભરાઈ રહેતાં મેલેરિયાતંત્ર હરકતમાં આવ્યુ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરની મેલેરિયાતંત્રની ટીમોએ આજે બે કન્સ્ટ્રક્શન સાઈટોને નોટીસ આપી છે. તંત્રની ટીમોએ આજે ૫૪ જેટલી કન્સ્ટ્રક્શન સાઈટો પર ચકાસણીની કામગીરી કરી હતી જેમાંથી બે સાઈટ પરથી મચ્છરોના પોરા મળી આવતાં બીજીવાર નોટીસ આપી છે.

શહેરની મેલેરિયાતંત્રની ટીમે શહેરમાંથી આજે વધુ ૩૩૭ જેટલા તાવના દર્દીઓ શોધી અને તેમના લોહીના નમૂના મેળવી ચકાસણી માટે મોકલી આપ્યા છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરમાં વાહકજન્ય રોગચાળાના અટકાયતી પગલાંઓ લેવા માટે બે દિવસનો ખાસ એક્શન પ્લાન તૈયાર કર્યો છે. સઘન સર્વેલન્સ અને એન્ટી લાર્વેલની કામગીરી પર આ એક્શન પ્લાનમાં ભાર મુકવામાં આવ્યો છે.

તંત્રના સૂત્રો પાસેથી મળેલી વિગતો પ્રમાણે વરસાદી પાણી ભરાઈ રહેવાની ફરિયાદોને પગલે અહિ મચ્છરોની ઉત્પત્તિ ના થાય તે પર પણ ખાસ ભાર મુકવામાં આવ્યો છે.

તંત્રની ટીમો દ્વારા ૨૧ સેક્ટરો અને ૧૪ જેટલા ગ્રામ્ય વિસ્તારોને આજના સર્વેલન્સમાં આવરી લેવામાં આવ્યા હતા. સર્વેલન્સ દરમ્યાન ટીમોએ ૮૭૭૧ ઘરોમાં ૧૦,૫૫૦ જેટલા પાત્રોની ચકાસણી કરી હતી જેમાંથી ૨૨૨ જેટલા પાત્રોમાંથી પોરા મળી આવતાં પોરાનાશક કામગીરી હાથ ધરી હતી.

આ સૂત્રોએ જણાવ્યુ હતુ કે તંત્રની ટીમોએ આજે ૮૪૩૬ જેટલા વરસાદી પાણીના ભરાયેલા ખાડા-ખાબોચિયામાં બળેલુ ઓઈલ અને બાયો લાર્વીસાઈડ દવાનો છંટકાવ કર્યો હતો.

તંત્રની ટીમોએ ગઈકાલે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાંથી મચ્છરોના પોરા અને બ્રિડીંગ મળી આવતાં તેનો નાશ કર્યો હતો. દરમ્યાન તંત્રએ લોકોને પણ એક જાહેર અપીલ કરી સતર્ક રહેવા અને સમયસર સારવારનો આગ્રહ કરી જણાવ્યુ છે કે મચ્છરોની ઉત્પત્તિ અટકાવવામાં તંત્રને પણ સહયોગ કરે તેમજ જળ સંગ્રહના પાત્રો સ્વચ્છ રાખે. ખોટો જળસંગ્રહ કરતા પાત્રો હટાવે.

# સ્માર્ટ સીટીની ફુટપાથ ચિથરેહાલ, વોકીંગ કરનારા ગોથુ ખાઈ જાય

**વરસાદી પાણીની નિકાલની લાઇન દરમિયાન આડેધડ ખોદકામ માટે વખણાયેલા : વખણાયેલા કોર્પોરિશનના તંત્રની મનસ્વી કામગીરીથી સેક્ટરવાસીઓનો આક્રોશ ચરમસીમાએ**



ગાંધીનગર તા ૧૩

ગાંધીનગર કોર્પોરેશનની ચુંટણીના પડઘમ વાગી રહ્યા છે. મતદારો મન કળવા દેવાના મુડમાં નથી પરંતુ મતદારોની આસપાસ મંડરાયેલી દુવિધાઓ અને પ્રશ્નો મુંઝવણરૂપ બન્યા છે. ત્યારે આગામી ચુંટણી દરમિયાન બની બેઠેલા નેતાઓએ આમ નાગરિકોના સવાલોનો ઉત્તર આપવાનુ અઘરુ પડશે પરંતુ મતદારો જવાબ આપી દેશે..!! શહેરમાં એક સાંધો ત્યાં તેર તુટે તેવી સમસ્યાઓ છે. સેકટરે સેકટરે દુવિધાઓનુ દંગલ છે. કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યાના એક દાયકા બાદ પણ ગાંધીનગરની ગઈકાલને જે પ્રશ્નો સતાવતા હતા તે આજે પણ પરેશાન કરી રહ્યા છે. ત્યારે કોર્પોરેશનને હાથ ધરેલા માળખાગત સુવિધાના કામોના અંતે સેકટરવાસીઓ માટે નતનવી સમસ્યાઓ ઉભી થઈ છે. આડેધડ કામગીરીના લીધે સેકટરવાસીઓને ડગલે ને પગલે જોખમી સ્થિતિમાં મુકાવાનો વારો આવ્યો છે. શહેરનુ ફુટપાથનુ નેટવર્ક હાલ ચિથરેહાલ છે. દોઢ બે દાયકા પુર્વે ફુટપાથ નિર્માણની કામગીરી શરૂ કરવામાં આવી ત્યારથી અત્યાર સુધી તબક્કાવાર શહેરના મુખ્ય માર્ગો તેમજ સેકટરોના એપ્રોચ માર્ગો આસપાસ પણ ફુટપાથનુ નિર્માણ કરાયુ છે માર્ગ મકાન વિભાગ દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે આ ફુટપાથ બનાવવામાં આવી છે. પરંતુ ગત વર્ષે હાથ ધરાયેલી સ્ટોર્મ વોટરની કામગીરીના અંતે સેકટરોમાં તોતિંગ ગાબડા અસ્તિત્વમાં આવ્યા બાદ હાલ શહેરના મુખ્ય માર્ગો તેમજ આંતરિક વિસ્તારમાં ફુટપાથ પર જ મોટા ગાબડા જોવા મળી રહ્યા છે. વોકીંગ કરનારાઓ ફુટપાથ પર ગબડી પડે તેવી દશા છે. કર્બિંગના કલર વિના કંગાળ ભાસતી ફુટપાથના બ્લોક પણ ઉખડી ગયેલા છે કેટલાક ઠેકાણે વોક વે આખો બેસી જતા છેવાડાના

**સ્માર્ટ સિટીની સ્માર્ટ સમસ્યા**

ગામથી પણ બદતર દ્રશ્યો જોવા મળી રહ્યા છે. શહેરમાં અંદાજિત ૯૫ કી મી થી પણ વધુ અંતરમાં ફુટપાથનુ નેટવર્ક પથરાયેલુ છે. ત્યારે માર્ગ મકાન વિભાગ દ્વારા ફુટપાથનુ નિર્માણ કરાયા બાદ છેલ્લા બે વર્ષથી કોર્પોરેશનની આડેધડ ખોદકામ પ્રવૃતિના લીધે વોક વે બેહાલ બન્યો છે. નગરજનોને સુવિધાને બદલે ડગલે ને પગલે દુવિધા ભોગવવી પડે છે. દોઢ વર્ષના અંતે પણ કોર્પોરેશનના લીધે અસ્તિત્વમાં આવેલા ગાબડા દુર થયા નથી. કોર્પોરેશનની અણઘડ કામગીરી સંદર્ભે આમ નાગરિકોએ પણ અનેકવાર રજુઆત કરી છે માર્ગ મકાન વિભાગે પણ ફુટપાથની દશા સુધારવા માટે કોર્પોરેશનને પત્રો લખ્યા છે. પરંતુ પ્રજાને પડતી હાલાકીની ઐસી તૈસી કરી નાગરિકોની સુખાકારી અને સલામતી માટે ફંગોળાયેલી ફુટપાથને થિગડા મારવાનુ કામ પણ હજુ સુધી થયુ નથી. બીજીતરફ નવા પ્રોજેકટો પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ થાય છે. વિકાસના નામે વૃક્ષો પર કુહાડી વિંધવામાં આવે છે. હરિયાળીને નુકશાન થાય છે. જયારે આમ નાગરિકોને સુવિધા મળતી નથી પરંતુ નવા કામોના અંતે નવી સમસ્યાઓનો સામનો કરવો પડે છે. હાલ વરસાદી દિવસામાં શહેરની ફુટપાથ પર ઠેર ઠેર બિહામણાં દ્રશ્યો જોવા મળે છે. જે કોર્પોરેશનની ભેટ છે. વરસાદી પાણીના નિકાલની લાઈન માટેના આડેધડ ખોદકામ બાદ યોગ્ય માટી પુરાણ ન થતા

# 'આપ'ના પ્રચાર માટે અભિનેતા સોનુ સુદ ગાંધીનગર આવશે

**સોનુ સુદ સાથે દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદીયા પણ પ્રચાર માટે ગાંધીનગર આવશે : આપના કાર્યકરોમાં ઉત્તેજનાનો માહોલ**

ગાંધીનગર તા ૨૩

ગાંધીનગર કોર્પોરેશનની ચુંટણીનો રંગ જામ્યો છે. મત બટોરવા માટે વિવિધ રાજકીય પક્ષોના ઉમેદવારો સેકટરોની શેરીઓ તેમજ કોર્પોરેશનમાં સમાવિષ્ટ ન્યુ ગાંધીનગરના વિસ્તારો ખુંદી રહ્યા છે. કોર્પોરેશનની ચુંટણીને અનુલક્ષી હાથ ધરોયેલી પ્રચાર ઝુંબેશ ટોક ઓફ ધ ટાઉન બની છે. આમ આદમી પાર્ટીએ પણ આ ચુંટણીમાં ધમાકેદાર પ્રચારની શરૂઆત કરી દીધી છે. ગંદકી અને કચરાથી ખદબદતી સેકટરોની શેરીઓમાં ઝાડુ લઈને ફરતા પાર્ટીના કાર્યકરો અને ઉમેદવારોના લીધે સ્થાનિકોમાં પણ નવી આશા બંધાઈ છે. ત્યારે આમ આદમી પાર્ટીની પ્રચાર ઝુંબેશને વધુ અસરકારક અને જાનદાર બનાવવા માટે આગામી સપ્તાહમાં ફિલ્મ અભિનેતા સોનુ સુદ અને દિલ્હીના નેતા મનીષ સિસોદીયા પણ ગાંધીનગર આવીને પ્રચાર ઝુંબેશમાં જોડાશે. ગાંધીનગર કોર્પોરેશનની ચુંટણીને અનુલક્ષી શહેરમાં રાજકીય ઉત્તજેનનો માહોલ જોવા મળી રહ્યો છે. વરસાદી વાયરા વચ્ચે પણ રાજકીય પક્ષોના ઉમેદવારો સેકટરોમાં પ્રચાર ઝુંબેશમાં લાગી ગયા છે. આ વર્ષે કોર્પોરેશનનો ચુંટણી જંગ વધુ રસપ્રદ બન્યો છે. કોંગ્રેસ ભાજપની સાથે ત્રીજા મોરચે આમ આદમી પાર્ટી પણ મજબુત રીતે ઉભરતી નજરે પડે છે. આપના કાર્યકરો પણ સેકટરે સેકટરે હાથમાં જાડુ રાખીને પ્રચાર કાર્યમાં વ્યસ્ત જોવા મળે છે. આ સ્થિતિ વચ્ચે મતદારોના મન કળવા પણ વધુ મુશ્કેલ બન્યા છે. અનેક પ્રશ્નો અને મુદા ગાંધીનગર મહાનગરપાલિકાની ચુંટણી માટે મુખ્ય બન્યા છે. સવાર પડતા જ શહેરમાં ઢોલ નગારા સાથે સેકટરોની શેરીઓ ખુંદતા ઉમેદવારો મતદારો તરફથી મળતા આવકાર કે જાકારાની પરવા કર્યા વિના પોતાના પ્રચાર કાર્યમાં સમર્થકો સાથે જોડાયેલા રહે છે. જો કે કેટલાક ઉમેદવારોને મતદારોની સાથે રાજકીય સમર્થકો જોતરવામાં પણ ભારે મહેનત કરવી પડે છે..!! ખૈર એ જે હોય તે પરંતુ આ વખતે આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ ચુંટણી જંગના મેદાનમાં નવા ઉત્સાહ અને ઉમંગ સાથે પ્રચાર કરતા જોવા મળે છે. આમ નાગરિકો વચ્ચે આમ બનીને કામ કરવાની તક આપવા માટે મતદારોને મનાવવા માટે સતત પ્રયાસ થઈ રહ્યો છે. જયારે આમ આદમીના કાર્યકરોનુ બળ વધારવા આગામી દિવસોમાં જાણીતા ફિલ્મ અભિનેતા સોનુ સુદ અને આપના અગ્રણી નેતા મનીષ સિસોદીયા પણ ગાંધીનગર આવી રહ્યા છે. બન્ને મહાનુભાવો આમ આદમી પાર્ટી વતી શહેરના સેકટરોમાં પ્રચાર કરશે. સોનુ સુદ ગાંધીનગર આવવાની વાત વહેતી થતા નગરજનોમાં પણ ચુંટણી પ્રચારને અનુલક્ષી ઉત્તેજના પ્રવર્તી છે. આ તબકકે ઘણાં આગેવાનો મનીષ સુસોદિયાના હાથે આમ આદમી પાર્ટીનો ખેસ પહેરશે જેના લીધે આગામી ચુંટણીમાં રાજકીયો સમીકરણો બદલાશે તેમ પણ મનાઈ રહ્યુ છે. આમ આદમી પાર્ટી પ્રચારમાં તો આગળ છે. જયારે હવે મતદારોને પોતાની તરફ આકર્ષવામાં પાર્ટીને કેટલી સફળતા મળે છે તે તો પરિણામના અંતે જ નક્કી થશે.

# જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં કોંગ્રેસની સકારાત્મક રાજનીતિએ સૌને ચોંકાવ્યા

**માણસા તા.પં.ને સ્વભંડોળ માટે ૨૦ લાખ અનામત પેટે આપવા અજીતસિંહની રજુઆત : મહિનાના ૩જા ગુરૂવારે ટી.ડી.ઓ. શાખાધિકારીઓની સંકલન સમિતિ મળશે : દિલીપ પટેલ, વિપક્ષના નેતાને ચેમ્બર મળશે : પ્રમુખ**

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં આજે કોંગ્રેસ પક્ષે સકારાત્મક રાજનીતિ સાથે પ્રજાના પ્રશ્નો અંગે ઉગ્રતા સાથે રજુઆત કરી અને સૌને ચોંકાવી દીધા હતા એટલુ જ નહિ સત્તાધારી ભાજપે પણ તમારી રજુઆતમાં તથ્ય છે એવો સ્વીકાર કરી અને તંત્રને માથે નિષ્ફળતાનો દોષનો ટોપલો મુક્યો હતો.

આજે બપોરે ૩ વાગે જિલ્લા પંચાયતના સરદાર પટેલ હોલમાં પ્રમુખ દિલીપભાઈ પટેલના અધ્યક્ષસ્થાને સામાન્ય સભા મળી હતી.

સામાન્ય સભાના આરંભમાં જિલ્લા પંચાયતના વર્ગ-૪ ના કર્મચારી રજનીભાઈ દુલેરાનું વીજળી પડવાથી થયેલા દુઃખદ અવસાન અંગે બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ આપી હતી. સભાના અંતમાં કોંગ્રેસના સિનીયર સભ્ય અજીતસિંહ રાઠોડે માણસા તાલુકા પંચાયતના સ્વભંડોળની ગંભીર વાત છેડી વાતાવરણને ચિંતીત કરતુ કરી દીધુ હતુ. રાઠોડે માણસા તા.પં.ના સ્વભંડોળની આવક નથી અને સ્વભંડોળ નહિવત છે ત્યારે જિલ્લા પંચાયતે ૨૦ લાખ જેવી રકમ તેને અનામત પેટે ફાળવવી જોઈએ આ ઉપરાંત તા.પં. પાસેની જે ખુલ્લી જગ્યા છે તે ન.પા. હસ્તક છે તેને તા.પં.માં તબદીલ કરી અને તેમાંથી સ્વભંડોળની આવક થાય તેવા સ્ત્રોતો વિકસાવવાની મંજૂરી આપવી જોઈએ. આ વાતનો સભાગૃહે સ્વીકાર કર્યો હતો અને જમીન તા.પં.ને તબદીલ થાય તે માટે સરકારમાં રજુઆત કરવામાં આવશે તેવી ખાત્રી આપી હતી.

આજની જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં કોંગ્રેસ પક્ષે આક્રમકતા પણ દાખવી હતી અને સૌમ્યતા પણ દાખવી હતી.

જિલ્લા પંચાયતમાં વિપક્ષના નેતાને ચેમ્બર ફાળવવામાં આવશે તેની જાહેરાત પણ પંચાયત પ્રમુખે કરી હતી. જિલ્લા પંચાયતના પ્રમુખે અધ્યક્ષસ્થાનેથી રજુ કરેલા પ્રસ્તાવોને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતા.

આજની બેઠકમાં સભ્યોએ તંત્ર અધુરા જવાબ આપી રહ્યાનો મુદ્દો પણ કોંગીના અજીતસિંહ રાઠોડે કહ્યો હતો. તેમણે અધિકારી સામે ચાલી રહેલી ખાતાકીય તપાસનો ઉલ્લેખ તેમના પ્રશ્નના જવાબમાં નહિ હોવાનું કહ્યુ હતુ.

સામાન્ય સભામાં ૨૦૦૭ માં થયેલી એન.એ.ની કામગીરી અંગે ભાજપના શિલ્પાબેન પટેલે પ્રશ્ન ઉઠાવી અને તંત્રને પકડવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ પોલીસ તપાસ ચાલી રહી હોવાનું કહી તંત્રએ તપાસ કરવાના અધિકારો પોલીસને છે તેમ જણાવી પ્રશ્નને આટોપી લીધો હતો.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ચોમાસાના કારણે માર્ગોને થયેલા નુકશાન અંગે મરામત અને નિભાવણીને મુદ્દે કોંગ્રેસના અને ભાજપના એકાદ બે સભ્યોએ રજુઆત કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર

## મનરેગાના લેબર બજેટ અને સમય-મર્યાદામાં કામ શરૂ ન થતાં 'બેકારી ભથ્થુ આપો' કહી કોંગ્રેસે તંત્રને ભીંસમાં લીધું

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં મનરેગાના લેબર બજેટની મંજૂરી તેમજ મનરેગાના કામો નિયત સમય-મર્યાદામાં ચાલુ નહિ કરવા માટે બેકારી ભથ્થુ આપવાનો મુદ્દો આજે કોંગ્રેસે રજુ કરી તંત્રને બરાબર ભીંસમાં લીધુ હતુ.

જિલ્લા પંચાયતની આજની સામાન્ય સભામાં કોંગ્રેસના અજીતસિંહ રાઠોડ અને રશ્મિનજી ઠાકોરે આ અંગે પૂરક પ્રશ્નોની ઝડીઓ વરસાવી તંત્રને ભીંસમાં મુક્યુ હતુ.

તેમણે કહ્યુ કે તાલુકા પંચાયતોએ લેબર બજેટ ક્યારે મંજૂર કર્યા અને તમને ક્યારે મળ્યા અને કઈ સામાન્ય સભામાં મંજૂર કર્યા- સભ્યોને ક્યારે બજેટની નકલો અપાઈ જેવા અણિયાળા સવાલો કરવામાં આવ્યા હતા.

રશ્મિનજી ઠાકોરે તો જણાવ્યુ હતુ કે ૩૦મીએ સામાન્ય સભા શરૂ થતાં પહેલાં સભ્યોને બજેટની નકલ અપાઈ હતી.

અજીતસિંહ રાઠોડે કહ્યુ કે કલોલ તાલુકા પંચાયતની બેઠક ૩૦મીએ આપણી બેઠક મળી તે પછી મળી અને તેમાં લેબર બજેટ મંજૂર થયુ હતુ. ૨૫મી માર્ચે તમને નકલ મળી હતી તો સભ્યો પાકિસ્તાન કે વિદેશ નથી રહેતા કે તેમને નકલ ન મોકલી શકાય આમાં ખોટુ થયુ છે. આ કાયદો છે અને કાયદાનું પાલન કરવુ સૌની ફરજ છે. જવાબદારો સામે પગલાં ભરવા જોઈએ.

તેમણે મનરેગાના કામોને વહીવટી મંજૂરી આપવામાં થતાં વિલંબનો મુદ્દો પણ આક્રમકતાથી રજુ કર્યો અને મનરેગાની જોગવાઈને ટાંકી કામની માંગણી કરેથી ન મંજૂરી ૧૫ દિવસમાં ચાલુ ન થાય તો શ્રમિકોને બેકારી ભથ્થુ આપવાની જોગવાઈ છે. કેટલીય માંગણીઓ પડતર છે તો આ શ્રમિકોને બેકારી ભથ્થુ ચુકવવામાં આવશે.

તેમણે માણસા તાલુકામાં આવા કામોની માંગણીને બે મહિના થયા પણ મંજૂરી નથી અપાઈ તેની પ્રિન્ટઆઉટ રજુ કરી સૌને ચોંકાવી દીધા હતા.

જો કે એક તબક્કે જિલ્લા વિકાસ અધિકારીએ ગ્રામ વિકાસ એજન્સીના પ્રશ્નોની ચર્ચા ના થઈ શકે આ યોગ્ય પ્લેટફોર્મ નથી તેમ કહી સભ્યોને શાંત થવા જણાવ્યુ હતુ. ત્યારે ધઆરાસભ્ય બળદેવજી ઠાકોરે પણ વિરોધ કરી જણાવ્યુ હતુ કે ચર્ચાઓ થઈ જ શકે. અજીતસિંહ રાઠોડે પંચાયતના સભ્યોના મનરેગાના અધિકારોની વાત રજુ કરી વધુ આક્રમકતા બતાવી હતી.

આ પછી મામલાને શાંત પાડવામાં પ્રમુખ દિલીપભાઈ સફળ રહ્યા હતા. તેમણે કહ્યુ કે ઉદ્ઘાટનો કે કાર્યક્રમોના આયોજનમાં પંચાયતના સભ્યોને આમંત્રણ આપવામાં આવે તેમજ તેમના માન-સન્માન જાળવવાની જવાબદારી તંત્રની છે. તેમણે મનરેગાના લેબર બજેટ અંગે હવે ભુલનું પુનરાવર્તન નહિ થાય તેવી ખાત્રી આપી હતી. એટલુ જ નહિ મનરેગા દ્વારા તમામ જરૂરિયાતમંદોને રોજગારી મળે તે દિશામાં કાર્યવાહી કરવામાં આવશે.


**પાંચમી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



**સ્વ. રમેશચંદ્ર ભુલારામ રાવલ (ઈસનપુર મોટા)**

જન્મ તા. ૧/૩/૧૯૩૭ | સ્વર્ગવાસ તા. ૨૪/૯/૨૦૧૬

ગં.સ્વ. શારદાબેન રમેશચંદ્ર રાવલ

દિલીપભાઈ આર. રાવલ (પુત્ર) | વિવેક દિલીભાઈ રાવલ (પૌત્ર) (USA)

હરેશભાઈ આર. રાવલ (પુત્ર)

કેયુર પંકજભાઈ રાવલ (પૌત્ર) | નિકશાન કેયુર રાવલ (પ્રપૌત્ર)

હેત હરેશભાઈ રાવલ (પૌત્ર) | વિશ્વમ વિવેક રાવલ (પ્રપૌત્ર)

**સમગ્ર રાવલ પરિવાર**


## પંચાયતની આઉટ સોર્સિંગ એજન્સીને ૬ ઓક્ટો. સુધીમાં નોટીસનો જવાબ આપવા કહ્યુ છે : દિલીપભાઈ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આઉટ સોર્સિંગના કર્મચારીઓના થતા શોષણ અને અન્યાયનો મુદ્દો આજે સામાન્ય સભામાં ગાજ્યો હતો.

જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલે આ અંગે સ્પષ્ટતાઓ કરતાં જણાવ્યુ હતુ કે આ મુદ્દે મને પણ કર્મચારીઓ મળ્યા હતા વિપક્ષ તેમજ અમારા પક્ષના સભ્યોને મળી કરેલી રજુઆતો મને મળી છે. આ આઉટ સોર્સિંગ એજન્સીને બીજીવાર નોટીસ આપી કેટલીક પૂર્તતાઓ કરવા જણાવેલ છે. ૬ ઓક્ટો. સુધી તેને જવાબ રજુ કરવાનો છે. આ જવાબ સંતોષકારક નહિ હોય તો પળનોય વિલંબ કર્યા વિના એજન્સીને રૂખસદ આપવામાં આવશે.

સભ્યોએ જણાવ્યુ હતુ કે આ એજન્સીને દૂર કરવામાં આવે પણ કર્મચારીઓના પી.એફ. અને તેની વ્યાજની વસુલાત પણ કરવામાં આવે તે જરૂરી છે.

પ્રમુખે જણાવ્યુ હતુ કે એજન્સી જો સંતોષકારક આધાર સાથેના પુરાવા રજુ નહિ કરેતો તેની સિક્યોરીટી ડિપોઝીટ જપ્ત કરવા અને જેમ પોર્ટલ પર બ્લેકલીસ્ટ કરવાની કાર્યવાહી પણ કરવામાં આવશે. સભ્યોએ આ એજન્સી સામે તાકીદે પગલાં લેવાનો આગ્રહ કર્યો હતો પરંતુ અધ્યક્ષે કહ્યુ હતુ કે મુદત પૂર્ણ થાય ત્યાં સુધી રાહ જુઓ. ઉપપ્રમુખ ગુણવંતસિંહ ચાવડાએ પણ જરૂરી કાર્યવાહી કરવામાં પળનોય વિલંબ નહિ કરાય અને કાર્યવાહીમાં કચાશ પણ નહિ રખાય.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com